ક્રમાંક:બ/એફસીએ/૭/230-31/૨૦૨૩-૨૪
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
સામાજીક વનીકરણ વિભાગ,
બ્લોક-એ, ત્રીજો માળ,
મંજુશ્રી મીલ કમ્પાઉન્ડ, બહુમાળી ભવન,
ગીરધરનગર, અસારવા,
અમદાવાદ.તારીખ: 13/૦૪/૨૦૨૩

પ્રતિ,
DHOLERA
SPECIAL INVESTMENT REGIONAL
DEVELOPMENT AUTHORITY,
3rd floor, Block-11/12, Udhyog Bhavan,
Sector-11,Gandhinagar

વિષયઃ ડાયવર્ઝન ઓફ ૧૫.૫ હેક્ટર રીઝર્વ ફોરેસ્ટ કન્સ્ટ્રક્શન ઓફ ન્યુ રેલ લાઈન બીટવીન ભીમનાથ સ્ટેશન એન્ડ ધોલેરા,32 કિલોમીટર ,વિલેજ-ઓતરિયા,તાલુકો-ધોલેરા,ડીસ્ટ્રીક-મદાવાદ સ્ટેટ-ગુજરાત.

સંદર્ભઃ(૧) DHOLERA SPECIAL INVESTMENT REGIONAL DEVELOPMENT AUTHORITY /1245,DATE-02/08/2019
(૨) અત્રેના પત્રાંક-બ/એફસીએ/૭/૮૯૯૦-૯૧,તા.૧૪/૦૨/૨૦૨૩
(૩) આપશ્રીનાપત્રાંક-ડીએસઆઈઆરડીએભીમનાથ/ ધોલેરા/રેલ્વેપ્રોજેક્ટ/ઓતારીયા/વશી-૧૦૧/૨૦૨૩,તા.૦૯/૦૧/૨૦૨૩
(૪) જીલ્લા જમીન દફતર નિરીક્ષકશ્રી અમદાવાદના પત્રાંક-રિસર્વે/સી.સ/ઓતારીયા/વ.અ/૨૦૨૨ ,તા.૧૦/૦૧/૨૦૨૩
(૫)પરિક્ષેત્ર વન અધિકારીશ્રી ધોલેરાના પત્રાંક-અ/જમન/3/૨૦૨૩-૨૪,તા.૧૩/૦૪/૨૦૨૩

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્રો અન્વયે જણાવવાનું કે, ડાયવર્ઝન ઓફ ૧૫.૫ હેક્ટર રીઝર્વ ફોરેસ્ટ કન્સ્ટ્રક્શન ઓફ ન્યુ રેલ લાઈન બીટવીન ભીમનાથ સ્ટેશન એન્ડ ધોલેરા,32 કિલોમીટર ,વિલેજ-ઓતરિયા,તાલુકો-ધોલેરા,ડીસ્ટ્રીક-મદાવાદ સ્ટેટ-ગુજરાત.ની સંદર્ભ-૧ થી દરખાસ્ત કરવામાં આવેલ જેમાં આપના પત્રાંક-3 થી અત્રેની કચેરીને જણાવવામાં આવેલ કે ધોલેરા તાલુકાના ઓતારીયા ગામમાં આવેલ જુનો સર્વે નંબર-૪૧૪ પૈકી અને નવો સર્વે નંબર-૨૮૪ કે જે રીઝર્વ ફોરેસ્ટ એરિયા જાહેર થયેલ છે તેમાંથી ભીમનાથ-ધોલેરા રેલ્વે લાઈન પ્રોજેક્ટ માટે આપના દ્વારા સ્થળ પર પાકું ડીમાર્કેશન કરવામાં આવેલ છે જેની સ્થળ તપાસ કરવાની થાય છે જે અન્વયે આપની તેમજ અત્રેના તાબા હેઠળ આવતી પરિક્ષેત્ર વન અધિકારીશ્રી ધોલેરાના પ્રતિનિધિઓ દ્વારા તા.૨૫/૦૧/૨૦૨૩ના રોજ સ્થળ પર જઈ જોઈન્ટ વિઝીટ અને માપણી કરી રોજકામ તૈયાર કરવામાં આવેલ જે અત્રેના સંદર્ભ -૨ થી આપશ્રીને જાણ કરવામાં આવેલ છે.

સ્થળ તપાસ અને માપણી કરતાં જણાયેલ છે કે દરખાસ્તમાં રજુ કરેલ મેપ અને માંગણી કરેલ વિસ્તાર ૧૫.૫ હેક્ટર થાય છે રીઝર્વ ફોરેસ્ટ વિસ્તારના જુનો સર્વે નંબર-૪૧૪ પૈકી (નવો સર્વે નંબર-૨૮૪ )માંથી ૧૫.૫ હેક્ટર જમીન જતી હોય આપના દ્વારા તેટલી જમીન વન વિભાગને આપવાની થાય છે જે અતર્ગત આપના દ્વારા અગાઉ કરવામાં આવેલ દરખાસ્તમાં જણાવ્યા મુજબ મોજે ઓતારીયા જુના સર્વે નંબર-૪૧૪ પૈકી નો નવો સર્વે નંબર-૨૬૪ ૪૦.૪૬૮૮ હેક્ટર માંથી ૧૫.૫૦ જમીન વન વિભાગને આપવા જણાવેલ હતું પરંતુ અત્રેના વિભાગના જુના નકશા તેમજ રેકડ ચકાસણી કરતાં અત્રેના ૪૧૪ પૈકી (નવો સર્વે નંબર-૨૬૪ પણ અમારો વન વિસ્તાર આવેલ જણાય છે જેથી સદર નંબર માપની માટે અત્રેથી જીલ્લા જમીન દફતર નિરીક્ષકશ્રી અમદાવાદને લખાણ કરવામાં આવેલ હતું જે સંદર્ભ-૪ ના પત્રથી જણાય છે કે ઓતારીયા ગામના રિસર્વે પ્રમોલગેશન બાદ સુધારાની કામગીરી અન્વયે જુન સર્વે નંબર-૪૧૪ પૈકી ના નવા સર્વે નંબર- ૪૨૭,૪૨૮,૪૨૯,૪૩૯,૨૮૪ અને ૨૬૪ વગેરે બનેલ છે જેથી સર્વે નંબર-૨૮૪ અને ૨૬૪ નકશાઓ બંધ હોવાથી સદર સર્વે નંબરરોના સપાદનની કાર્યવાહી થઇ શકતી નથી જેથી

.docx

...ણી બાકી દર્શાવી પ્રમોગેશન અગાઉના જુના- આર.ઓ.આર મુજબનું ક્ષેત્રફળ દર્શાવવાનો હુકમ થયેલ છે. આમ નકશા ચાલુ કરવા સ્થળે તમામ પૈકી કબજેદારશ્રીઓની હાજરીમાં માપણી કરવાની થાય છે જેથી તમામ પૈકી ...દારશ્રીઓની હાજરીમાં માપણી કર્યા બાદ જ ગામ નમુના નંબરમાં આકૃતિ/નકશા ચાલુ કરી શકાય તેમ છે જે જુના સર્વે નંબર મુજબ ૨૬૪ સર્વે નંબર પણ વન વિભાગનો જણાય છે જે નકશો અને ક્ષેત્રફળ જ્યાંસુધી સ્પસ્ટ ન થાય ત્યાં સુધી સદર સીએ માટે લેન્ડ બીજી કોઈ જગ્યાએ આપવામાં આવેતો યોગ્ય જણાય છે

જ્યાર બાદ આ અંગે આપની કચેરીના તેમજ અત્રેની કચેરીના પરિક્ષેત્ર વન અધિકારીશ્રી ધોલારાપ્રતિનિધિઓ દ્વારા ધોલેરા તાલુકાના મોજે મીગલપુર,ભાણગઢ અને ગોગલા ગામમાં આપના ખાતે ચાલતી જમીનની સયુક્ત સ્થળ તપાસ કરવામાં આવેલ હતી

અત્રેના પરિક્ષેત્ર વન અધિકારીશ્રી ધોલેરાના સંદર્ભ- પત્ર ૫ના અભિપ્રાય મુજબ આપના તરફથી સદર જમીન ગોગલા પંસદ કરવામાં આવેલ ત્યાર બાદ તા.૦૫/૦૪/૨૦૨૩ ના રોજ આપની તેમજ અત્રેની કચેરીના પ્રતિનિધિઓ દ્વારા જોઈન્ટ વિઝીટ કરતાં આપના પ્રતિનિધિના બતાવ્યા પ્રમાણે ગોગલા ગામમાં આપના ખાતે ચાલતી નવો સર્વે નંબર-૪૦૦,૪૦૧ અને ૪૦૪ અનુક્રમે ૬.૯૭૨૩,૬.૬૫૬૩ અને ૨.૦૩૦૨ એમ કુલ-૧૫.૬૫ હેકટર જમીન થાય છે જે જમીન ની ફરતે અત્રેના રીઝર્વ ફોરેસ્ટનો જુના સર્વે નંબર-૨૦૧ નો નવો સર્વે નંબર-૪૦૭ અને ૪૦૯ આવેલ છે.જેથી સદર સર્વે નંબર અત્રેની કચેરીને તબદીલ કરવામાં યોગ્ય જણાય છે (રોજકામની નકલ સામેલ છે) અને જમીન તબદીલ કરવાની કાર્યવાહી કરવા વિનંતી છે

નાયબ વન સંરક્ષક
સામાજીક વનિકરણ વિભાગ
અમદાવાદ

**નકલ રવાના:** પરિક્ષેત્ર વન અધિકારીશ્રી,ધોલેરા તરફ જાણ તથા DHOLERA SPECIAL INVESTMENT REGIONAL DEVELOPMENT AUTHORITY,3rd floor, Block-11/12, Udhyog Bhavan,Sector-11,Gandhinagar. ની સદર દરખાસ્તનો વિસ્તાર તેમજ સ્પસ્ટ ન થાય અને દરખાસ્તને ભારત સરકારશ્રી માંથી મંજુરી ના આવે ત્યાં સુધી કોઇપણ પ્રકારની કામગીરી ના થાય તેની તકેદારી રાખવા ખાસ નોંધ લેવી.